# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **બારડોલી પાસે ગમખ્વાર અકસ્માતના મૃતકોના પરિવારજનો પ્રત્યે રાષ્ટ્રપતિ, ઉપ-રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ સંવેદના વ્યક્ત કરી. વારસદારોને બે-બે લાખની સહાયની જાહેરાત.**
2. **મુખ્યમંત્રીએ ખેતી મદદનીશ સંવર્ગના ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કર્યા.**
3. **રમતગમત પ્રત્યે ઋચિ વધારવા સરકારી શાળાઓમાં ૩૪ હજારથી વધુ અત્યાધુનિક સ્પોર્ટ્સ કિટ્સ એનાયત કરાઇ.**
4. **અચાનક વરસાદ અને વાવાઝોડાને કારણે કચ્છના રણમાં દેવદર્શન માટે ગયેલા 17 ફસાયેલા લોકોને પોલીસે ઉગાર્યા.**
5. **ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએશન દ્વારા આજે અમદાવાદ ખાતે વાર્ષિક પુરસ્કારો અને સન્માન સમારોહ યોજાશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GUJARAT-ACCIDENT CONDOLENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સુરતમાં થયેલા અકસ્માતમાં થયેલ જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. સુરતના બારડોલી શહેર નજીક મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહનની બે બસો અથડાતા આઠ લોકોના મોત થયા હતા અને **15**થી વધુ ઇજાગ્રસ્ત થયા હતા.

રાષ્ટ્રપતિ મુર્મુએ મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને શોકગ્રસ્ત પરિવારોને શક્તિ અને હિંમત માટે પ્રાર્થના કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ પણ મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને **50** હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

# CM KHETI MADDANISH NIMNUK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગમાં ખેતી મદદનીશ તરીકે પસંદગી પામેલ યુવાઓને નિમણૂંક પત્ર એનાયત કર્યા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે - ખેડૂતોને કેમિકલમુક્ત પ્રાકૃતિક ખેતી તરફ વાળવા અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવા માટે આ નવો વર્કફોર્સ મહત્વની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેઓએ યુવાઓને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી, ખેડૂતોના કલ્યાણ માટે સેવારત રહી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવા આહવાન કર્યું હતું.

ગાંધીનગર ખાતે યોજાયેલ સાદગીપૂર્ણ સમારોહમાં પ્રતિક રૂપે **21** યુવાઓને નિમણૂંક - પત્ર એનાયત કરવામાં આવ્યા હતા, જ્યારે **415** યુવાઓને ઈ-મેઈલ દ્વારા નિમણૂંક પત્રો પહોંચાડવામાં આવ્યા છે.

## POLICE BHAVAN PAHEL

રાજ્ય પોલીસ વડા ડૉક્ટર કે. એલ. એન. રાવે ગાંધીનગરમાં પોલીસ ભવન ખાતે જનસંપર્ક કાર્યાલયના કામની સમીક્ષા કરી. આ કાર્યાલયની વ્યવસ્થાથી પોલીસ પ્રત્યે જનવિશ્વાસ વધુ મજબૂત બન્યો હોવાનું શ્રી રાવે જણાવ્યું.

**BYTE: K. L. N. RAO STATE POLICE CHIEF**

## SPORTS KIT

રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રુચિ કેળવવા સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા રાજ્યની ૩૪ હજારથી વધુ સરકારી શાળાઓને અત્યાધુનિક સ્પોર્ટ્સ કિટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-**NEP**-૨૦૨૦ના પથદર્શક સૂચનો મુજબ રમતગમતને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

શાળાઓને ફાળવવામાં આવેલી આ અત્યાધુનિક કિટ્સમાં વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબના વિવિધ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ઇન્ડોર અને આઉટ ડોર ગેમ્સના વિવિધ આધુનિક સાધનો ઉપલબ્ધ કરાયા છે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત આ કિટ્સ એનાયત કરાઇ છે.

## AHMEDABAD SAFAI ABHIYAN

અમદાવાદની સાબરમતીને સ્વચ્છ કરવાના અભિયાનનો આજે બીજો દિવસ છે. આજે નદીના વિવિધ વિસ્તારોને લોકભાગીદારી સાથે સ્વચ્છ કરાશે. જ્યારે ગઇકાલના પ્રથમ દિવસે આ મહાઅભિયાનમાં સાત હજાર 500 કરતાં વધુ લોકો જોડાયા હતા અને 68 ટન જેટલો કચરો દૂર કરાયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત અમદાવાદના મેયર હિતેશ બારોટે વધુને વધુ લોકો આ અભિયાનમાં જોડાય તેવી અપીલ કરી હતી.

**BYTE: HITESH BAROT, AHMEDABAD CITY MAYOR**

## KUTCH RESCUE

કચ્છના રણમાં વછરાજ ધામ ખાતે ટ્રેક્ટર લઇ દર્શન કરવાં ગયેલા યાત્રાળુઓ અચાનક આવેલા વાવાઝોડા અને વરસાદમાં ફસાઇ ગયા હતાં. જોકે પોલીસ તાત્કાલિક બનાવ સ્થળે ધસી જતાં તેમની ઉગારી લેવાયા હતા. દર્શન માટે ગયેલા

17 જેટલા ફસાયેલા લોકોને બચાવવામાં આવ્યાં હતા અને હેમખેમ પરત લવાયા હતાં.

## ARVALLI MAG KHARIDI

મગના ટેકાના ભાવે ખરીદીને લઈને રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાના વિવિધ ગ્રામ પંચાયત કેન્દ્ર ખાતે નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ અંગે ધનસુરા ગ્રામ પંચાયતના કર્મચારી આકાશ ખાંટ દ્વારા માહિતી આપવામાં હતી.

### BYTE: AKASH KHANT, PANCHAYAT EMPLOYEE

## PANCHMAHAL RBSK

પંચમહાલ જિલ્લામાં શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ 4 લાખ 15 હજારથી વધુ બાળકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું છે. જિલ્લા આરોગ્ય વિભાગના આંકડા મુજબ, તપાસ દરમિયાન 426 બાળકોમાં જન્મજાત હૃદયરોગનું નિદાન થયું છે.

કુલ 70 હજાર 750 બાળકોમાં જન્મજાત ખામીઓ, પોષણની ઉણપ, વિવિધ રોગો અને વિકાસમાં વિલંબ જેવી સમસ્યાઓ જોવા મળી હતી. તેમાંથી 40 હજાર 580 બાળકોને વધુ સારવાર અને નિષ્ણાત સેવાઓ માટે રીફર કરવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

...................................

## WEATHER

હવામાન વિભાગ દ્વારા 5મી જૂન સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન પવનની ગતિ પ્રતિ કલાક **50** થી **60** કિલોમીટર સુધી પહોંચી શકે છે. રાજ્યના હવામાન પર હાલમાં ત્રણ સિસ્ટમો સક્રિય હોવાથી વાતાવરણમાં અસ્થિરતા જોવા મળી રહી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

**BYTE- RAMASHRAY YADAV, IMD**

# MUSHROOM SPECIAL STORY

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ઘેજ ગામના સીતાબેન પટેલે મશરૂમની ખેતી દ્વારા આત્મનિર્ભર મહિલાશક્તિનું અનોખુ ઉદાહરણ પૂરૂં પાડયું છે.

બાગાયત વિભાગના યોગ્ય માર્ગદર્શન અને સહાયથી સીતાબેન મશરૂમની ખેતીમાં સારો નફો મેળવી રહ્યા છે. સાંભળીએ તેમનો પ્રતિભાવ........

**BYTE: SITA PATEL**

# STATE GOVERNMENT LOAN

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા ગામના આશિષ હળપતિએ રાજ્ય સરકારની વિવિધ યોજનાકીય સહાય દ્વારા લોન મેળવી ૩ વર્ષના ટૂંકા ગાળામાં સફળ ઉદ્યોગસાહસિક બન્યા છે.

તાજેતરમાં સુરત ખાતે યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાના હસ્તે તેમને એવોર્ડ અને ૨ લાખ રૂપિયા સાથે તેમને સન્માનતીત કરાયા હતા. આશિષ હળપતિની સફળતા યુવાનો માટે પ્રેરણારૂપ છે.

**BYTE - ASHISH HALAPATI**

# GSFA AWARDS

ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએશન **GSFA** દ્વારા આજે અમદાવાદ ખાતે વાર્ષિક પુરસ્કારો અને સન્માન સમારોહ યોજાશે. વર્ષ દરમિયાન ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસીએસને પ્રોત્સાહક કામગીરી કરેલ છે, તેવા જીલ્લાઓને તેમજ વર્ષ દરમિયાન **GSFA** ક્લબ ચેમ્પિયનશિપમાં ક્લબ અંડર-13, અંડર-15, અંડર-17, સીનિયર વુમન, સીનિયર મેન્સમાં એકથી ચાર નંબર પર રહ્યા હશે, તેને એવોર્ડ અને ઇનામ એનાયત કરવામાં આવશે.

બેસ્ટ રેફ્રી, બેસ્ટ કોચ, નેશનલ અને ઇન્ટરનેશનલ પ્લેયર્સનું પણ સન્માન કરાશે. ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ, રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી કાર્યક્રમની અધ્યક્ષતા કરશે.

------------------------------------------